





આણંદ જીલ્લાની પોલીસ સાફલ્યગાથાની માહિતી તા.૦૩/૦૪/૨૦૧૭ થી ૦૯/૦૪/૨૦૧૭ સુધીની છે.


| | | | |
|---|---|---|---|
| તા.૦૩/૦૪/૧૭<br>થી<br>તા.૦૯/૦૪/૧૭ | આણંદ | |  પ્રેસ નોટ |
| | | |  |
| | | |  પ્રેસ નોટ |
| " | " | |  પી.સબ.ઇન્સ<br>ખંભાત રૂરલ પો.સ્ટે |

| | | | |
|---|---|---|---|
| " | " | |   |
| " | " | |  |
| " | " | |  પ્રેસ નોટ તા.૦૭/૦૪/૨૦૧૭<br>**ખંભાતથી હથીયાર સાથે એક ઇસમને ઝડપી પાડતી**<br>**ક્રાઇમ બ્રાન્ચ, આણંદ**<br>પોલીસ અધિક્ષકશ્રી સૌરભ સિંઘ નાઓએ જીલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા જરૂરી સુચનાઓ આપેલ જે આધારે ગઇકાલ રોજ એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી આર.ડી.ડાભી તથા પો.સ.ઇ.શ્રી એન.આર.વાઘેલા તથા એલ.સી.બી. સ્ટાફના માણસો ખાનગી તથા સરકારી વાહનમાં અલગ અલગ ટીમો પાડી આણંદ જીલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલા અને એલ.સી.બી. પો.કો. રફીકભાઇ તથા મૈયુદીન નાઓને ખાનગી બાતમી મળેલ કે ખંભાત કતકપુર વિસ્તારમાં રહેતા કિરણભાઇ બાબુભાઇ દેવીપુજક નામના માણસ પાસે રીવોલ્વર અગર તમંચા જેવુ હથીયાર છે અને તેની પાસે મોટર સાયકલ નં.જી.જે.૨૩.એલ.૧૪૨૫ નુ લઇ જે હથીયાર સાથે લાલદરવાજા નગર તરફ જવાના રોડ ઉપર આવેલ નારેશ્વર તળાવ નજીક આંટા ફેરા મારે છે જેનુ વર્ણન પણ મળી ગયેલ હોય વિગેરે હકિકત આધારે એલ.સી.બી. ના અધિકારી તથા પોલીસ સ્ટાફના માણસોને એકબીજાના સંકલનમાં રહી બાતમી વાળી જગ્યાની નજીકમાં વોચમાં ગોઠવાઇ ગયેલ તે દરમ્યાન નારેશ્વર તરફ જવાના રોડ ઉપર બાતમી મુજબના વર્ણન તથા બાઇક નંબર વાળો ઇસમ આવતા તેને રોકવા જતા જે પોલીસને જોઇ નગર તરફ જવાના રોડ ઉપર ભાગવા લાગેલ પરંતુ પોલીસે કોર્ડન કરી પકડી લીધેલ. જેનુ નામ ઠામ પુછતા કિરણભાઇ ભાવુભાઇ બીન શવસીંગ દેવીપુજક રહે.કતકપુર હાઉસીંગ બોર્ડ નવી નગરી તથા મોચીવાડ હરીજનવાસ ખંભાતનો હોવાનુ જણાવેલ. જેને શરીરે પહેરેલ પેન્ટમાં જમણી સાઇડે સંતાડી રાખેલ દેશી બનાવટની રીવોલ્વર મળી આવેલ. તેમજ પેન્ટના ખીસ્સામાંથી રૂમાલમાં વીટેલ કાર્ટીઝ નંગ-૧૨ મળી આવેલ. જેથી સદર ઇસમ કોઇ પણ હથીયાર લાયસન્સ અગરતો કોઇ અધિકૃત અધિકારીના પરવાના સીવાય દેશી બનાવટના ગેરકાયદેસર રીવોલ્વર તથા કાર્ટીઝ સાથે મળી આવેલ હોય રીવોલ્વરની કિ.રૂ.૫,૦૦૦/- તથા કાર્ટીઝની કિં.રૂ.૬૦૦/- ગણી કુલ રૂ.૫,૬૦૦/- નો મુદ્દામાલ તેમજ સદર ઇસમ પાસેથી મળેલ સેમસંગ મોબાઇલ ફોન કિ.રૂ.૧,૦૦૦/- તથા હોન્ડા સ્પલેન્ડર મો.સા. કિ.રૂ.૧૫,૦૦૦/- મળી કુલ રૂ.૨૧,૬૦૦/- નો મુદ્દામાલ કાયદેસર કાર્યવાહી કરી ગઇકાલ રોજ સાંજના ખંભાત સીટી પો.સ્ટે. આર્મ એકટ કલમ ૨૫(૧)બીએ, તથા જી.પી.એમટ.૧૩૫ મુજબ ગુનો દાખલ કરી આગળની તથા એલ.સી.બી. પો.સ.ઇ. નાઓ ચલાવી રહેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | | | લોકલ ક્રાઈમ બ્રાન્ચ<br>આણંદ<br>(એલ. સી. બી)<br>ફોન નં. (૦૨૬૯૨) ૨૫૫૭૦૦ |
| | | |  |

| | | | |
|---|---|---|---|
| | | | <br>પ્રેસ નોટ તા.૦૬/૦૪/૨૦૧૭<br>**ખંભાતથી હથીયાર સાથે પકડેલ ઇસમ પુછપરછ દરમ્યાન તથા તેના સાગરીતોને પકડી ઘરફોડચોરી તથા લુંટનો ગુનો ડીટેકટ કરતી ક્રાઇમ બ્રાન્ચ, આણંદ**<br>પોલીસ અધિક્ષકશ્રી સૌરભ સિંઘ નાઓએ જીલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા જરૂરી સુચનાઓ આપેલ જે આધારે એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી આર.ડી.ડાભી તથા પો.સ.ઇ.શ્રી એન.આર.વાઘેલા નાઓએ ખંભાત કતકપુર વિસ્તારમાં રહેતા કિરણભાઇ ભાવુભાઇ દેવીપુજક રહે.ખંભાત પાસેથી દેશી બનાવટની પિસ્તોલ તથા કાર્ટીઝ નંગ-૧૨ સાથે મળી આવતાં કાયદેસર કાર્યવાહી કરી દિન-૩ ના નામદાર કોર્ટ ખંભાત નાઓએ રીમાન્ડ આપતા જેઓની રીમાન્ડ દરમ્યાનની સઘન પુછપરછ દરમ્યાન પોતે તથા પોતાના સાગરીત નાનો ભાઇ મનોજ ઉર્ફે કાળીયો ભાવસીંગ પરેજીયા વાઘરી રહે.હાલ ખંભાત મુળ રહે.ચાંગોદર (બાવળા) તથા વિજયભાઇ શનાભાઇ ચુનારા રહે.ખંભાત એસ.ટી. સ્ટેન્ડ પાછળ નાઓએ ભેગા મળી ઘરફોડ ચોરી કરેલ. જે બંન્ને સાગરીતો બાબતે માહિતી મેળવી ગઇકાલ રોજ ખંભાત ખાતેથી પકડી પુછપરછ કરતાં આજથી પાંચેક માસ પહેલા ખંભાત ઓ.એન.જી.સી. સામે વેલકમ પાર્ક સોસા.માં રાત્રીના બંધ મકાન હતુ ત્યારે એ.સી. ફીટ કરેલા પાટીયા કાઢી નાખી ઘરમાં પ્રવેશ કરી ત્રણેય ભેગા મળી ચોરી કરેલ. જે ચોરી કરેલ મુદામાલ તથા ચોરી કરવાના હથીયારો આરોપી કિરણ ભાવસીંગ તથા વિજય શનાભાઇ નાઓના ઘરેથી કાયદેસર કાર્યવાહી કરી રૂ.૩૭,૯૫૦/- નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.<br>આરોપી કિરણ ભાવસીંગ દેવીપુજક તથા તેઓ સાગરીત સન્ની ઉર્ફે પોપટ રહે.વડોદરા વાળો જે મરણ ગયેલ છે. જે બંન્નેએ ભેગા મળી આજથી એકાદ વર્ષ ઉપર નવાગામ વાંટા નહેરના વળાંક પાસે તા.ખંભાત ખાતે ખેડા જીલ્લા મધ્યસ્થ બેંક ખંભાત માંથી સભાસદોના પગાર ના રૂ.૧,૩૦,૦૦૦/- લઇ બે ઇસમો પૈસા ભરેલુ પાકીટ લઇ બાઇક ઉપર જતા હતા દરમ્યાન એક ઇસમને માથામાં લોખંડનો સળીયો મારી પૈસા ભરેલુ પાકીટ છીનવી લઇ ગંભીર ઇજા પહોંચાડી લુંટ કરવાની કોશિષનો ગુનો પણ શોધાયેલ છે.<br>આમ હથીયારના ગુનામાં પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન ખંભાત સીટી પો.સ્ટે.નો ઘરફોડ ચોરીનો તથા ખંભાત રૂરલ પો.સ્ટે.નો લુંટની કોષિશના જે વણશોધાયેલ હતા તે શોધાયેલ છે. |
| | | |  |
| | | | <br>**પ્રેસનોટ**<br>ગૌ-રક્ષક ધ્વારા તથા પોલીસ ની મદદ થી સફળ રેઇડ<br>આજરોજ પોલીસ અધિક્ષક સાહેબ શ્રી સૌરભસીંગ સાહેબ આણંદ નાઓની સુચના અને માર્ગદર્શન તેમજ નાયબ પોલીસ અધિક્ષક સાહેબ શ્રી જે.એન.દેસાઇ પેટલાદ નાઓની સીધી દોરવણી અને માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યમા ગેર કાયદેસર રીતે ગાયો-ભેંસોની હેરાફેરી કરી કતલખાને લઇ જતા વાહનો ને ચેક કરી કાયદેસર કરવા સુચના આપેલ જે આધારે ગંભીરા દેવાપુરા નજીકમા વાહન ચેકીંગ દરમ્યાન ગૌ-રક્ષક તથા પોલીસ ને સાથે રાખી ટ્રક નંબર જીજે ૩ એ ડબલયુ ૪૮૮૪ ને ચેક કરતા તેમા ગાયો નંગ-૬ તથા વાછરડુ નંગ-૧ મળી કુલ ૭ નંગ ગાય-વાછરડા ભરેલ હતા જેમા જોતા દોરડા વડે ક્રુરતા પુર્વક બાંધી ગાયોના માટે ઘાસચારાની કે પાણી ની સગવડ નહી કરેલાનુ જણાઇ આવેલ જેથી ગાય-વાછરડાની હેરાફેરી અંગે પાસ પરમીટ ન હોય ગાય-વાછરડાને કતલખાને લઇ જતા ટ્રક ચાલક હારૂન જમાલભાઇ રાઠોડ તથા કલીનર જમાલભાઇ હબીબભાઇ કાયાત તથા ગાડી માલિક સીરાજભાઇ જમાલભાઇ ચાવડા તમામ રહે. અમરેલી નાઓ વિરૂધ્ધમા આંકલાવ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.ન ૩૦૪૮/૧૭ થી ગુનો દાખલ કરેલ છે. જે પૈકી કલીનર જમાલભાઇ હબીબભાઇ કાયાત ને પકડી અટક કરવામા આવેલ છે. તેમજ બીજા આરોપીઓની શોધખોળ ચાલુ છે. અને ગાયો તેમજ વાછરડાને પાંજરાપોળ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે.<br>તા.૮/૪/૨૦૧૭ |

| | | |
|---|---|---|
| | |  |
| | | GOODS CARRIER |
| | |  |

| | | |
|---|---|---|
| | | <br>પ્રેસનોટ<br>ગૌ-રક્ષક દ્વારા તથા પોલીસ ની મદદ થી સફળ રેઇડ<br>આજરોજ પોલીસ અધિક્ષક સાહેબ શ્રી સૌરભસિંગ સાહેબ આણંદ નાઓની સુચના અને માર્ગદર્શન તેમજ નાયબ પોલીસ અધિક્ષક સાહેબ શ્રી જે.એન.દેસાઇ પેટલાદ નાઓની સીધી દોરવણી અને માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યમા ગેર કાયદેસર રીતે ગાયો-ભેંસોની હેરાફેરી કરી કતલખાને લઇ જતા વાહનો ને ચેક કરી કાયદેસર કરવા સુચના આપેલ જે આધારે નવાખલ ચોકડી નજીકમા વાહન ચેકીંગ દરમ્યાન ગૌ-રક્ષક તથા પોલીસ ને સાથે રાખી ટ્રક નં-GJ-18-AT-8088 ને ચેક કરતા તેમા ભેંસો કુલ નંગ-૧૫ ભરેલ હતા જેમા જોતા દોરડા વડે ક્રુરતા પુર્વક બાંધી ભેંસોના માટે ઘાસચારાની કે પાણી ની સગવડ નહી કરેલાનુ જણાઇ આવેલ. જે અંગે ઢોર ની હેરાફેરી અંગે પાસ પરમીટ ન હોય ભેંસોને કતલખાને લઇ જતા ટ્રક ચાલક આસીફભાઇ અલભા સૈયદ રહે કણભા તા.કરજણ જી.વડોદરા ના વિરૂધ્ધમા આંકલાવ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.ન ૩૦૪૯/૧૭ થી ગુનો દાખલ કરેલ છે. અને ટ્રક ચાલક આસીફભાઇ અલભા સૈયદ ને પકડી અટક કરવામા આવેલ છે. તેમજ બીજા આરોપીઓની શોધખોળ ચાલુ છે. અને ભેંસોને પાંજરાપોળ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે.<br>તા.૯/૪/૨૦૧૭. |
| | |  |
| | |  |

| | | | | |
|---|---|---|---|---|
| | | |  | |



**સહી/-**

**(કોમલ વ્યાસ)**

**ના. પો. અધિ.મુખ્ય મથક અને**

**ઇ-ગુજકોપ નોડલ અધિકારી**

**આણંદ.**

**પ્રતિ,**

ડાયરેકટર શ્રી, (ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,
બ્લોક નં.-૧, આઠમો માળ, ઉધ્યોગ ભવન, સેકટર-૧૧,
ગાંધીનગર. ઇ-મેઇલ - gujinfo.gog@gmail.com

**નકલ સવિનય રવાના** :- પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ.